# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-04-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## રાજ્યસભામાં વકફ સુધારા વિધેયક પસાર:

**સંસદે વક્ફ સુધારા વિધેયક 2025 પસાર કરી દીધું છે. રાજ્યસભામાં આજે વહેલી સવારે તેના પર મતદાન થયું હતું. જેમાં 128 સભ્યોએ તેના પક્ષમાં મતદાન કર્યું જ્યારે 95 સભ્યોએ આ કાયદાની વિરુદ્ધ મતદાન કર્યું હતું. રાજ્યસભામાં લગભગ 12 કલાક સુધી આ ખરડા પર ચર્ચા થઇ હતી. આ અગાઉ લોકસભાએ આ બિલને મંજૂરી આપી દીધી હતી.**

**કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ ગઈકાલે રાજ્યસભામાં વક્ફ સુધારા વિધેયક , 2025 રજૂ કરતા જણાવ્યું હતું કે , વક્ફ સંપત્તિનાં સંચાલનના લાભાર્થી મુસ્લિમો જ રહેશે , બોર્ડના સંચાલનમાં બિન-મુસ્લિમોની કોઈ દરમિયાનગીરી રહેશે નહીં.**

**ચર્ચમાં ભાગ લેતા કેન્દ્રીય મંત્રી જે પી નડ્ડાએ જણાવ્યું કે , વક્ફ બિલથી રાષ્ટ્ર ભવિષ્યમાં મજબૂત બનશે. તેમણે જણાવ્યું કે, આ બિલ રાષ્ટ્રનાં હિતમાં છે.**

**કોંગ્રેસના ડોક્ટર સૈયદ નસીર હુસૈને જણાવ્યું કે, આ બિલ ગેરમાર્ગે દોરે છે અને ધ્રુવીકરણનાં ઇરાદાથી તે લાવવામાં આવ્યું છે. તેમણે આક્ષેપ કર્યો કે , ભારતીય જનતા પાર્ટી સમુદાયોમાં વિભાજનનો પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસના અભિષેક મનુ સિંઘવી, ડીએમકેના તિરુચી સિવા, ટીએમસીના મોહમ્મદ નદીમુલ હક, આમ આદમી પાર્ટીના સંજયસિંહ અને આરજેડીના મનોજકુમાર ઝાએ બિલનો વિરોધ કર્યો હતો.**

## લોકસભામાં કોસ્ટલ શીપીંગ વિધેયક પસાર:

લોકસભામાં ગઈકાલે કોસ્ટલ શિપિંગ બિલ , 2024 પસાર કરવામાં આવ્યું. આ બિલમાં ભારતીય જળસીમામાં વેપારમાં રોકાયેલા જહાજોનું નિયમન કરવાની જોગવાઈ છે. આ બિલ પ્રમાણે , જળસીમાનો અર્થ ભારતના પ્રાદેશિક જળ તેમજ નજીકના દરિયાઈ ક્ષેત્રો થાય છે.

આ બિલનો ઉદ્દેશ જહાજોના નિયમનને લગતા કાયદાને મજબૂત બનાવવાનો અને તેમાં સુધારો કરવાનો , દરિયાઇ વેપારને પ્રોત્સાહન આપવાનો અને સ્થાનિક ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે.

---

## ભારત-થાઈલેન્ડ છ કરારો પર હસ્તાક્ષર:

ભારત અને થાઇલેન્ડે માહિતી ટેકનોલોજી , દરિયાઈ, એમએસએમઇ, હસ્તકલા અને હાથસાળ સહિતનાં વિવિધ ક્ષેત્રોમાં સહકાર માટે છ કરારો પર હસ્તાક્ષર કર્યા છે. ગઈકાલે બેંગકોકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને થાઈલેન્ડના તેમના સમકક્ષ પેટોંગટાર્ન શિનાવાત્રા વચ્ચેની દ્વિપક્ષીય વાટાઘાટો બાદ આ સમજૂતીઓનું આદાનપ્રદાન થયું હતું.

બંને પક્ષોએ દ્વિપક્ષી સંબંધોમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી અને બંને દેશો વચ્ચેની ભાગીદારીને વધુ વેગ આપવાના વિકલ્પો પર ચર્ચા કરી. સંયુક્ત નિવેદનમાં શ્રી મોદીએ બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી રચવાની જાહેરાત કરી હતી.

---

## મર્ચન્ટ નેવી સપ્તાહ:

મર્ચન્ટ નેવી સપ્તાહ નિમિત્તે ગાંધીનગરમાં રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને પ્રથમ મીનીએચર મર્ચન્ટ નેવી ધ્વજ પિન કરવામાં આવ્યો હતો.

શ્રી દેવવ્રતે રાજ્યમાં શિપિંગ અને બંદર ક્ષેત્રના વિકાસને પ્રોત્સાહિત કરવા બદલ મેરીટાઇમ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોને અભિનંદન પાઠવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે દર વર્ષે 5 એપ્રિલે નેશનલ મેરીટાઇમ ડે ઉજવવામાં આવે છે. નેશનલ મેરિટાઈમ ડેની ઉજવણી અન્વયે 30 માર્ચ થી 5 એપ્રિલ દરમિયાન મર્ચન્ટ નેવી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.

---

## ચૈત્રી નવરાત્રી:

કચ્છના પ્રખ્યાત યાત્રાધામ માતાના મઢ ખાતે આજે રાત્રે હવન વિધિ સાથે ચૈત્રી નવરાત્રી પર્વ ચરમ સીમાએ પહોંચશે. આજે રાત્રે જાગીર અધ્યક્ષ રાજા બાવા યોગેન્દ્રસિંહજીનાં હસ્તે હવનમાં શ્રીફળ હોમવાની વિધિ થશે . તો ભુજનાં આશાપુરા મંદિર ખાતે પણ આજે રાત્રે હવન વિધિ યોજાશે . પૂજન અર્ચન , બેઠા ગરબા સહિત વિવિધ કાર્યક્રમો સાથે જિલ્લામાં ઠેર ઠેર ચૈત્રી નવરાત્રિ પર્વ શ્રધ્ધા પૂર્વક ઉજવાઈ રહ્યું છે.

---

## મોરબી મચ્છુ-૨ ડેમ:

મોરબીના મચ્છુ-2 ડેમના બે દરવાજા સમારકામને લઈને બે ફૂટ ખોલાયા છે. ડેમમાંથી એક હજાર 300 કયુસેક પાણી છોડાયું છે. ડેમના નાયબ કાર્યપાલક ઇજનેર પ્રતિક પટેલે જણાવ્યું કે , તબક્કાવાર વધારીને ત્રણ હજાર 500 કયુસેક સુધી પાણી છોડવામાં આવશે જેથી 29 ગામોને એલર્ટ કરાયા છે.

---

## હવામાન:

**હવામાન વિભાગે પાંચ દિવસ સૌરાષ્ટ્ર અને કચ્છમાં હિટવેવની આગાહી કરી છે. હવામાન વિભાગના નિયામક એ કે દાસે જણાવ્યું છે કે , આગામી બે દિવસ બાદ રાજ્યમાં તાપમાનમા 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. ઉપરાંત દરિયાઈ જિલ્લાઓમાં 8 એપ્રિલ સુધી ગરમ અને ભેજવાળી પરિસ્થિતિ રહેશે.**

---------------------------------------------------------------------------------------

## લુ થી બચવાના ઉપાયો:

કચ્છ સહીત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આગામી દિવસો દરમિયાન તાપમાન વધુ રહેવાની શક્યતાને અનુલક્ષીને નાગરિકોને પોતાના આરોગ્ય જાળવવા તથા પોતાની આસપાસ વસતા પશુપક્ષીઓને લૂથી બચાવવા વિવિધ ઉપાયો અપનાવવા અપીલ કરાઈ છે.

તરસ ન લાગી હોય તો પણ પૂરતા પ્રમાણમાં પાણી પીવા , શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ઓ.આર.એસ દ્રાવણ અથવા ઘરે બનાવેલા પીણા જેવા કે છાશ , લસ્સી, લીંબુ પાણી , ભાતનું ઓસામણ , નારિયેળ પાણી વગેરેનો ઉપયોગ કરવા જણાવાયું છે. વજનમાં તેમજ રંગમાં હળવા પ્રકારના સૂતરાઉ વસ્ત્રો પહેરવા અને ઘરની બહાર હોવ તો માથાનો ભાગ કપડાં , છત્રી કે ટોપીથી ઢાંકી રાખવા સૂચન કરાયું છે. બાળકો , વૃદ્ધો, બીમાર વ્યક્તિ અને વધુ વજન ધરાવતા વ્યક્તિ કે જેઓ "લૂ"ના ભોગ બનવાની સંભાવના વધુ ધરાવે છે , તેમની વિશેષ કાળજી લેવા પણ જણાવાયું છે.
આ ઉપરાંત, ઊભા પાકને હળવું તેમજ વારંવાર સિંચન કરવા અને વહેલી સવારે અથવા સાંજે પિયત આપવા સલાહ આપવામાં આવી છે.પશુઓને છાયંડામાં રાખવા અને તેમને શુદ્ધ ઠંડુ પાણી પુષ્કળ પ્રમાણમાં તેમજ બહુ જ ગરમી હોય તેવા સંજોગોમાં પાણીનો છંટકાવ કરવા સૂચન કરવામાં આવ્યું છે.